## નમસ્કાર ગાંધીનગર

### પમરાટ

પાંદડાને ભાન છે.
ખરવું એની શાન છે.
મેં કહ્યું કે, 'આવ ને'
તો સમય હેરાન છે.
મન, મગજના શસ્ત્ર સહુ,
પ્રેમ સામે મ્યાન છે.
સાચવી લઉં બે-ઘડી,
દર્દ, તું મહેમાન છે.

લક્ષ્મી ડોબરિયા

### પાથેય

- રમેશ ઠક્કર

## દર્દની દાસ્તાન...

દર્દની એક દાસ્તાન હોય છે..સહન કરવું એક લ્હાણું છે..પાંદડાંને પણ પરસેવો વળી જાય એવી પીડા થાય છે. એ પાકટ બને છે..ડાળથી એ ખરે છે એમાં જ એનો ખરો કસબ સમાયેલો છે.જે નક્કી જ છે એનાથી વ્યથિત શા માટે થવું ? પાંદડું ધરતી ઉપર પડતું નથી,સહજ રીતે ખરે છે..એના ખરી જવામાં એક ખુમારી છે..શાન છે..એના દર્દમાં કોઈ વસવસો નથી હોતો જીવનનો એક દબદબો હોય છે..

દર્દને દિશા મળી જાય,ત્યારે લાગણી ટોળે વળી જતી હોય છે.આપણા અસબાબમાં ઘણું બધું અંકિત થયેલું હોય છે..ઘણુંબધું અંકે કરવાની મથામણ પણ હોય છે..પરંતુ વેદના કે અવસાદનો પણ ખજાનો હોય છે..અવસાદ જયારે એકાંત બની જાય છે ત્યારે ભીતર ઝળહળી ઉઠે છે..વેદના ને વલૂરવાથી એકલતાના સોળ ઉઠે છે! એકાંત નું જે દર્દ પ્રગટે છે એ અણમોલ હોય છે..'મરીઝ' એનું મૂલ્ય બરાબર જાણે છે..એ કહે છે..

'કાયમ જો રહી જાય તો, પયગંબરી મળે..દિલમાં જે દર્દ કોઈકવાર હોય છે..!' આપણે જો મનગમતા કોઈ અભાવને આવ ને એમ કહીએ તો એ હેરાન થઈ જાય એ સ્વાભાવિક છે.

આપણી સુખની યાદીમાં ઘણું બધું ઉમેરાતું હોતું નથી..એમાં કારણવગરનું ખૂબ ઊભરાતું હોય છે.પરિણામે એક અલૌકિક અનુભવથી આપણે વંચિત રહી જઈએ છીએ..શેખાદમના શબ્દોની ખુમારી જુઓ..'દુઃખ, આંસુ, દર્દ, ઉદાસી, વેદના...જીવવા માટે જુઓ કેવો સરસ સામાન છે!'..પ્રેમ એ આ બધાને ચાહવા માટેની અદ્ભુત રીત છે.

એવું કહેવાય છે કે 'દુનિયા માં એક દુઃખી માણસ જેટલું કોઈ દુઃખી નથી અને બે દુઃખી માણસ ભેગા મળે એના જેટલું કોઈ સુખી નથી..!'આપણી વિફળતા કે આપણું સ્ખલન એ અભિશાપ નહીં પરંતુ સમષ્ટીનો વ્યાપ બની જાય ત્યારે દર્દ સ્વયં દવા કે ઔષધ બની જાય છે..દિશાહિન દર્દ કયારેક સરદર્દ બની જાય છે..વેદનાની વ્યાપકતા એક નવી સૃષ્ટિની અનૂભૂતિ કરાવી જાય છે...!

ભીતરના ખળભળાટને જયારે સંવેદનાનો સઢ મળે છે ત્યારે નિતર્યા જળ જેવુંએકાંત પ્રગટે છે..એમાથી જ મૌનનું મેઘધનુષ્ય રચાય છે..જેને સાચવવા માટે પણ આવી સમજણ જોઈએ...'કમળ તંતુ સમા આ મૌનને તું તોડ મા નાહક..ફરીથી જોડવા બેસું તો વરસોનાં વરસ લાગે..'

# પાટીદાર એટલો પાંગળો નથી

*તંત્રીસ્થાનેથી...*

ગુજરાતની 'મહાજાતિ' તરીકે પ્રસ્થાપિત થયેલ પાટીદાર સમાજ ચૂંટણી વખતે સતત ચર્ચામાં રહેતો આવ્યો છે. ગુજરાત રાજય અસ્તિત્વમાં આવ્યું ત્યારે હજુ એ રાજકીય દષ્ટિએ એટલો જાગ્રત નહોતો. એની પાસે સરદાર પટેલ અને દરબાર ગોપાળદાસ જેવા પીઢ રાષ્ટ્રીય નેતાઓનો ઊજવો વારસો હતો છતાં આ ધરતીના લાલને રાજકીય અપેક્ષાઓ ઘણી ઓછી હતી એમ કહેવામાં અતિશયોક્તિ નહીં થાય. ઉત્તર ગુજરાતમાં પાટીદાર નેતાઓ વધુ સક્રિય હતા. 'દાસકાકા'ના હુલામણા નામે જાણીતા મહેસાણા પંથકમાંથી ચૂંટાયા પુરુષોત્તમ દાસ પટેલ કે લોકનેતા તરીકે શહીદી વહોરી ચૂકેલા ત્રિભોવનદાસ પટેલ ઉપરાંત આંજણા ચૌધરી સમાજના હોવા છતાં પાટીદાર મતદારોને પ્રિય લાગે એવી 'પટેલ' અટક ધારણ કરનાર માનસિંહ પૃથ્વીરાજ પટેલ સંસદ તથા મુંબઈ ધારાસભામાં જનતાનું સક્ષમ પ્રતિનિધિત્વ કરતા હતા. ચરોતર તો પાટીદારોનો ગઢ હતો. પાટીદારો સૌરાષ્ટ્રમાં પણ મોટી સંખ્યામાં છે પરંતુ આઝાદી પછીનાં તરતનાં વર્ષોમાં ત્યાં રજવાડાં વધુ પાવરફુલ હોઈ મોટા ભાગે દરબારો ચૂંટાયા હતા. પાટીદાર મુખ્યમંત્રી હોવો જોઈએ એવું તો કોઈને સપનું પણ નહોતું આવતું. એને જોઈએ ઠેકાણે આજકાલ નરેશ પટેલથી લઈ હાર્દિક પટેલ સુધીના આગેવાનો આવો સવાલ શરમ છોડીને કરતા રહ્યા છે. પ્રજા કોઈ પણ સમાજના સક્ષમ આગેવાનોને એનું પ્રતિનિધિત્વ સોંપી શકે અને બહુમતી સાથે સરકાર બનાવવા પાર્ટી એને અનુકૂળ એવા પીઢ તતા અનુભવી નેતાને સુકાન સોંપીશકે એ પરંપરાને અતિક્રમીને હવે પાટીદારો એમના સમાજનો જ મુખ્યમંત્રી હોવો જોઈએ એવી ચોખ્ખીને ચટ માગણી કરતા થઈ ગયા છે તો સામે કોળીથી લઈ આદિવાસી સમાજ અને દલિત પણ એવી માગણી કરે ત્યારે નવાઈ ન જ લાગવી જોઈએ. પાટીદાર સમાજની જેમ આદિવાસી સમાજ પણ ચૌદ ટકા વસતિ ધરાવે છે, પણ સામાન્ય પ્રજામાં એને એનામત વાળો સમાજ ગણી સ્વીકૃતિ નથી મળતી. અમરસિંહ ચૌધરી જેવા સક્ષમ અને લોકપ્રિય મુખ્યમંત્રી આદિવાસી સમાજે જે આપ્યા હતા પરંતુ એ કિસ્સાના જોરે જ મુખ્યમંત્રી પદે પહોંચ્યા હતા. માધવસિંહ સોલંકીની 'ખામ' થિયરી અને આદિવાસી સમુદાય માટે સત્યાવીસ ટકા અનામત નીતિને લીધે કોંગ્રેસ ૧૪૯ જેટલી વિક્રમજનક બેઠકો મેળવી શકી હતી જે આંકડો લોકપ્રિય અને હિંદુત્વના એજન્ડો સમર્થન આપનાર મોદીના શાસનકાળમાં પણ ભાજપ સિદ્ધ કરી શકેલ નથી.વર્તમાન પ્રદેશ પ્રમુખ તો તમામ ૧૮૨ બેઠકો જીતવાનું લક્ષ્ય રાખે છે પણ પાર્ટીનો મૂળ મંત્ર ૧૫૦ ના આંકડે પહોંચવાનો છે. સામે કોંગ્રેસ ૧૨૫ બેઠકો મેળવી સરકાર રચવાના દાવો કરે છે. જેના માટે એને નરેશ પટેલ જેવા પાટીદાર ચહેરાની જરૂર છે. હાર્દિક પટેલ ભલે ૨૦૧૭ની ચૂંટણી વખતે થોડો ઉપયોગી લાગ્યો હોય પરંતુ એને કોંગ્રેસની પ્રદેશ નેતાગીરીને કયારેય દિલથી સ્વીકાર્યો નહોતો કે નહોતો પ્રજાએ એને કોંગ્રેસ જેવી જૂની અને રાષ્ટ્રીય પાર્ટીના કાર્યકારી પ્રદેશ અધ્યક્ષ તરીકે સ્વીકાર્યો. રાહુલ ગાંધીએ ઉતાવળે ગુજરાતના ત્રણ આંદોલનકારી યુવા નેતાઓથી અંજાઈને એમેન 'મોટા' કરવાની ચેષ્ઠા કરી તે ગુજરાતની સમજુ પ્રજાને ધરાર ગમી નહોતી. જેની પ્રતિબદ્ધતા જગજાહેર છે એવા યુવાન દલિત નેતા પણ પાટીદાર સમાજ અને ક્ષત્રિય સમાજની આંખમાં કણાની જેમ ખૂંચે છે. બાકીના બે તો ભાજપનો ખેસ ધારણ કરી પાર્ટી સામે યુદ્ધે ચડી ચૂક્યા છે. હાર્દિકના આવવાથી જ ભાજપને પાટીદાર મતો મળી જશે એવું નથી. પાટીદાર સમાજ શરૂથી - 'ખામ' થિયરીવાળી કોંગ્રેસની વિરુદ્ધ મતદાન કરતો રહ્યો છે એને કેશુભાઈ પટેલ જેવા લોકપ્રિય પાટીદાર નેતાને પદભ્રષ્ટ કર્યા છતાં એનું વલણ મહદંશે અકબંધ રહ્યું છે. નરેશ પટેલના સમર્થનથી કે એમને મુખ્યમંત્રી પદના ચહેરા તરીકે રજૂ કરવાથી પણ પાટીદાર સમાજની કોંગ્રેસવિરોધી માનસિકતા બદલાય એવી શકયતા ઘણી ઓછી છે. ગુજરાતના પાટીદાર સમાજને એટલો પાંગળો માની લેવાની જરૂર નથી. જો કે કોંગ્રેસ પાસે એની સૌથી સિનિયર ઓબિસી નેતાની મથરાવટી મેલી થઈ ગઈ હોવાથી નરેશ પટેલને આવી ઓફર સાથે પાર્ટમાં પ્રવેશ અપાય એવી પૂરી શક્યતા છે. એથી અલબત્ત નરેશ - હાર્દિકની મત ખેંચવાની તાકાતનાં લેખા જોખાં જરૂર મંડાશે. પણ પાટીદાર સમાજ ફક્ત આવા એકલદોકલ ચહેરામાંથી સાગમટે બદલાઈ જાય એવી અપેક્ષા વધુ પડતી લેખાશે.

# ICMR અને NABL પ્રમાણિત લેબમાં જ ટેસ્ટ કરાવવો જોઈએ?

## રીંગણ-બટાકાની જેમ લેબોરેટરી ખુલી છે ?




ડાહ્યાલાલ, ગાંડાલા વિપુલ અને નિલેષ આજે ચારેચાર એકબીજા ભેગા વડના ઝાડની નીચે થઈ ગયા. ચારેય જણા સહકુટુંબ પાડોશી વનરાજભાઈના દીકરાના લગ્ન નિમિત્તે આયોજિત સત્કાર સમારોહમાં હાજરી આપી. જમીને ખુશખુશાલ થઈને આવ્યા. ગાંડાલાલથી રહેવાયું નહીં આ ગરમીમાં બહાર જમવાનું મજા નથી આવતી. આટલી ગરમી અને સરસ જમવાને ન્યાય નથી આપવા દેતું. વિપુલ બોલ્યો, અરે ગાંડાલાલ જવા દો તમે તો ઓછામાં ઓછા પંદર કરતાં વધારે ગુલાબજાંબુ દબાવ્યા છે. જો ગરમી ના હોત તો ડબત જાત. ૧૦ પુરી પંદર ગુલાબજાંબુ, બે વખત શાક બે વખત કઠોળ, દસ એક ગરમ ગરમ ગોટા બોલો, હવે શું કહેવું છે અને પાછા ગાંડાલાલ કે છે ગરમી. જમવાની મજા ના આવી. ગાંડાલાલ બગડ્યા... ભાઈ જેવી તાકાત હોય એ ખાય. તમારા જેવાની તાકાત ના હોય અને આખો દિવસ ૧૨૦ના માવા ઠોક્યા કરતા હોય તો જમાય ક્યાંથી ? વધારે સરસ જમવું હોય તો તમાકું બંધ કરો.

બાજુવાળા રમણભાઈને ખાવાનો બહુ શોખ હતો. હું તો ૧૫ ગુલાબજાંબુ ખાવ છું ને પણ રમણલાલ જો ગુલાબજાંબ ખાવા બેસે તો તમે ગણતા થાકો. કેટલું સરસ મજાનું એનું શરીર હતું. એક હાથે બે જણને ફેકી દે એવું હતું. વધારે પડતા તમાકુના લીધે બિચારાને જડબાનું કેન્સર થયું. જડબાનું ઓપેશન થયું. બિચારો કેવો બીક લાગે દેવો દેખાય છે. તમાકુને તમાકુમાં આખી જિંદગી નર્ક કરી નાખી. અને રમણલાલની એવી ખરાબ ટેવ એમાં જે તમાકુ આવે એ ખાય, બુધાલાલ, ૧૩૫, ૧૨૦, વિમલ, આરએમડી, સિલ્વર જે હાથમાં આવ્યું એ ખાવાનું, વિપુલ બોલ્યો, આ તમાકુ સીધી જેવી કે બુધાલાલ. કલાકો સુધી જો જડબામાં દબાવી રાખવામાં આવે તો જ કેન્સર થાય. બાકી વિલમ, આરએમડી, તાનસેન, એમાં તમાકુ ભેગી કરીને ખાવાની હોય એટલે તમાકુની માત્રા ઓછી થઈ જાય અને તમાકુની શકયતા ઓછી થઈ જાય. હવે ડાહ્યાલાલ ચિત્રમાં આવ્યા. અરે વિપુલ તે તો જાણે તમાકુ અને મુખવાસ ઉપર પીએચ.ડી. કરી હોય એવું લાગે છે. કોઈ પણ જાતની તમાકુ જો ખાવાની હોય કે પીવાની હોય તે શરીર માટે નકામી છે. તમાકુ નામથી ઝેર છે. ગાંડાલાલે કીધું તમાકુ જો એટલી બધી ખરાબ હોય તો સરકાર તમાકુની ખેતીને રોકતી કેમ નથી. તમાકુની ખેતી ઉપર જ બેન લાવી દેવો જોઈએ.

ડાહ્યાલાલ બોલ્યા. રમણલાલ તો બિચારો બહુ હેરાન થયો પહેલાં સાદું ચાંદું પડ્યું હતું. ડૉકટરોએ કહ્યું આ તો B12 ઓછું છે એટલે ચાંદું પડ્યું છે. બે મહિના સુધી બિચારાએ B12 ખાધી, પછી ડૉકટરોએ તેને જડબામાંથી બાયોપ્સી કરવાનું કીધું પણ સદનસીબે રમણલાલનો રિપોર્ટ કેન્સર નથી એવું નિદાન થયું. ફરી પાછું B12 અને વિટામીન ડી ઉપર મહિનો ચાલ્યો. ચાંદુ વધતું જતું હતું. ફરી બીજા કોઈ ડૉકટરને બતાવ્યું એમને કહ્યું આ તો કેન્સર જ લાગે છે. કોઈક સારી લેબમાં બાયોપ્સી કરાવી જો.. અને તેમાં કેન્સર દેખાયું. ગાંડાલાલ ફરી બોલ્યા. આમાં ભૂલ કોની ? આગળના ડૉકટરની એ આગળના લેબની ? અત્યારે શાકની દુકાનની જેમ બટાકા, રીંગણાની જેમ ખુલે છે. કંઈ લેબ સાચી કંઈ લેબ ખોટી કઈ ખબર નથી પડતી. ડાહ્યાલાલે કહ્યું એવું ના હોય પણ, બધા પોતપોતાની રીતે સાચા હોય પણ રમણલાલનું નસીબ ખરાબ હશે. પણ ગાંડાલાલ તમારી એ વાત ચોક્કસ છે કે સારી NABL, ICMR માન્યતા વાળી લેબમાં ટેસ્ટ કરાવવો જોઈએ. જેનાથી આવા કોઈ નિદાનમાં છબરડા ન થાય.

### દિન મહિમા

- અનિલ અંબાણીનો જન્મદિવસ, ભારતીય ઉદ્યોગપતિ.
- નેશનલ પાઈનેપલ દિવસ
- આક્રમકતાનો ભોગ બનેલા નિર્દોષ બાળકોનો આંતરરાષ્ટ્રીય દિવસ

આજનું

### ઔષધ

- રામફળના ઝાડની છાલનું ચૂર્ણ સવાર-સાંજ અડધી ચમચી જેટલું થોડા દિવસ સુધી લેવાથી નવો કે જૂનો મરડો મટે છે.

### ખડખડાટ

- પતિ : આજે યુટયુબ પરથી શીખ્યો છું તારા કોઈ સગાને હાર્ટ, કીડની કે ફેફસાનું ઓપરેશન કરવાનું હોય તો કહેજે. હું કરી આપીશ.
પત્ની : એવા ખોટા અખતરા નો કરતા એમ વીડિયો જોઈ કાંઈ નો આવડે હો !
પતિ : તો તું શેની કુંકીગ શો જોઈને રોજ મંડાણી હોય છે?

આજનો

### વોટ્સએપ

- જીંદગી એટલી પણ મોટી નથી કે બીજાને નફરત કરવામાં વેડફી નાખીએ.

# ગાંધીજી - વિનોબા અને અમદાવાદ : એક ઐતિહાસિક સુયોગ




૭મી જૂન, ૧૯૧૬. આ દિવસ અમદાવાદ માટે એક ઐતિહાસિક દિવસ બની ગયો. કારણ પણ એવું મહત્વનું હતું. આ દિવસે એક સત્યની ખોજ માટે નીકળેલો યુવાન ગાંધીજીને અમદાવાદમાં તેમના આશ્રમમાં મળ્યો. શહેર આ મિલનનું ગૌરવયુક્ત સાક્ષી બન્યું. આ યુવાન ગાંધીજીને મળ્યા પછી લખે છે:

"હું ગાંધીજીની પાસે પહોંચ્યો અને તેમની પાસે મને હિમાલયની શાંતિ તેમજ બંગાળની ક્રાંતિ એ બંને મળ્યા. ત્યાં મેં જે મેળવ્યું તેમાં ક્રાંતિ તથા શાંતિનો અપૂર્વ સંગમ હતો." વિનાયક નરહરિ ભાવે નામના આ યુવાન મહાત્મા ગાંધીના વૈચારિક વારસદાર બન્યા અને વિનોબા તરીકે જગપ્રસિદ્ધ થયા. બાપુ પણ રત્નપારખુ હતા. વિનોબાના આશ્રમમાં આવ્યા પછી થોડા દિવસોમાં જ બાપુએ વિનોબાના પિતાશ્રીને પત્ર લખ્યો. બાપુ તે પત્રમાં વિનોબાની પ્રસંશા કરતા લખે છે:

"તમારો પુત્ર મારી પાસે છે. આટલી નાની ઉંમરમાં જ તમારા પુત્રે જે તેજસ્વીતા અને વૈરાગ્ય કેળવી લીધા છે તે કેળવતા મને ઘણાં વર્ષો લાગ્યા હતા." વિનોબાજી માટેનું બાપુનું આ સ્નેહાળ પ્રમાણપત્ર થોડામાં ઘણું કહી જાય છે.

ગાંધીજી તો હત્યારાની ગોળીનો ભોગ બનીને ગયા. દેશમાં એક શૂન્યાવકાશનું સર્જન થયું. બાપુના આદરેલા પરંતુ અધૂરા રહેલા કામો કોણ કરશે અને કોઈ કરી શકશે કે કેમ તે પ્રશ્ન સમગ્ર દેશવાસીઓના મનમાં ઘોળાતો હતો. આ વિકટ સ્થિતિમાં વિનોબાજીએ દોર હાથમાં લીધો. વિનોબાજીએ બાપુની અણધારી વિદાય પછી દેશને સક્રિય દોરવણી આપી. ગાંધીજીના નિર્વાણ પછી તેમનો પર્યાય બનીને તેઓ ઝળકી ઉઠ્યા. ભૂદાન તથા ગ્રામદાન જેવા જગત માટે નવા પરંતુ આ દેશની પ્રકૃતિ તેમ જ સંસ્કૃતિને અનુરૂપ તેવા કાર્યક્રમો શરુ કર્યા. આ કર્મઠ મહાપુરુષ સતત ભ્રમણ કરતા રહ્યા અને લોક સાથેનું અનુસંધાન જીવંત રાખતા રહ્યા. આવા ચિંતનપુરુષ તથા પ્રયોગવીર વિનોબા આપણાં એક અમૂલ્ય રત્ન સમાન છે. જૂન માસમાં ફરી એક વખત આ કૃતયુગી મહાપુરુષને વંદન કરવાનું મન થાય છે. ૭મી જૂન ૧૯૧૬ના રોજ અમદાવાદ સદ્ભાગી બન્યું હતું. વિનોબાજીના પાવન પગલાં તે દિવસે જ શહેરમાં થયા હતા. અમદાવાદ બાપુના અનોખા આકર્ષણથી આવતા પહેલા વારાણસીમાં ગંગાકિનારે એક ઝૂંપડીમાં રહીને વિનોબાજીએ વિશાળ શાસ્ત્ર અભ્યાસ કર્યો હતો. જો કે જીવનભર તેમનું અધ્યયન સતત ચાલુ રહ્યું હતું.

વિનોબાજીને લોકો આદરથી 'બાબા' કહીને સંબોધન કરતા હતા. તેઓ કહે છે કે નાનપણથી જ તેમને સન્યાસ લેવાની ધૂન લાગી હતી. વૈરાગ્ય તરફ તેમનું આકર્ષણ હતું. ચપ્પલ ન પહેરવા, ગાદી પર ન સૂવું, લગ્નમાં જમવા ન જવું એ બધી બાબતો નાની ઉંમરથી તેમના જીવનમાં હતી. ઘર છોડ્યા અને ગાંધીજીને મળ્યા પછી તેમને બાપુના કર્મમાર્ગમાં રસ પડ્યો. બાપુના કર્મમાર્ગનું દર્શન તેમને બાપુ સાથેની પહેલી મુલાકાતમાં જ થયું. વિનોબા બાપુને પ્રથમ વખત મળ્યા ત્યારે ગાંધીજી શાક સમારતા હતા. વિનોબાને આ દ્રશ્ય નવું લાગ્યું. આશ્ચર્ય પણ થયું. શાક સુધારવાનું કામ આટલી તલ્લીનતાથી કોઈ રાષ્ટ્રનેતા કરે ! તેમને મનમાં પ્રશ્ન થયો. બાપુના પ્રથમ દર્શને જ શ્રમનો પાઠ મળ્યો. ગાંધીજીએ શાક સમારવાનું ચાલુ રાખીને જ વિનોબા સાથે વાતચીત શરુ કરી. થોડી વાર પછી બીજું એક ચાકુ વિનોબાના હાથમાં પકડાવી તેમને પણ શાક સમારવાના કાર્યમાં સામેલ કર્યા. વિનોબાજીની આ કર્મયોગની પ્રથમ દીક્ષા હતી. આ દીક્ષા લઈને ૫૦ વર્ષ સુધી તપશ્ર્યા સમાન કાર્ય બાબાએ કર્યું. પચાસ વર્ષ પછી ૧૯૬૬માં ૭ જૂને વિનોબાજીએ જાહેર કર્યું કે મારી બાપુ સાથેની પ્રથમ મુલાકાતને પચાસ વર્ષ પુરા થયા છે. સેવા થઈ શકી તે ગાંધીમાર્ગે કરી છે. હવે આ બધી સેવા હું શ્રી હરિગુરુના ચરણોમાં અર્પણ કરું છુ. 'તેરા તુજકો અર્પણ, ક્યા લાગે મેરા'નો આ ભાવ આ સાધકને જ આવી શકે.

બાબાને કોઈ મળે અને પૂછે કે આશ્રમનો કાર્યક્રમ શું? બાબા મુસ્કુરાઈને કહે કે ચોવીસે કલાકની પ્રસન્નતા એ જ અમારો કાર્યક્રમ છે. આ ભૂમિકા હોય તો જ આશ્રમ જીવન કષ્ટમય ન લાગે. તેઓ માનતા અને કહેતા કે આશ્રમ સમાજથી બહુ દૂર ન રહી શકે. સતત સમાજના હેતુલક્ષી સંપર્કથી તેઓ સમાજની સ્વસ્થતાનું ઉચિત નિદાન કરી શક્યા છે. વિનોબાના આધ્યાત્મિક જીવન પર ગૌતમબુદ્ધ, સ્વામી રામદાસ, જ્ઞાનદેવ, એકનાથ તથા ગાંધીજીની અસર છે.

વિનોબાજીએ દેશની લગભગ તમામ સંતપરંપરાનો અભ્યાસ કર્યો. આ માટે અનેક ભાષા ઊંડાણથી શીખી લીધી. તેમના ૧૯૩૨ના જેલવાસ દરમ્યાનના ગીતાપ્રવચનોનું પુસ્તક જગપ્રસિદ્ધ થયું. અંગ્રેજી ઉપરાંત જર્મન, જાપાનીઝ તેમજ અન્ય વિદેશી ભાષાઓમાં તેના અનુવાદો પ્રસિદ્ધ થયા. કુરાનસાર, ખ્રિસ્તી ધર્મસાર ધમ્મપદ જેવા તેમના લખાણો સાર્વત્રિક રીતે પ્રસરી ગયા. સર્વધર્મ તરફ સમભાવનો વિચાર બાબાએ મજબુતીથી મુક્યો. વિજ્ઞાનના યુગમાં આપણે આપણી કેટલીક ગ્રંથિઓ છોડીને સમાજ રચના કરવી પડશે તે વાત વિનોબાજીએ સમજાવી. માતાના સંસ્કાર વિનોબાજી પર આજીવન પ્રભાવી રહ્યા. નાના વિનાયકને જમવાનું આપતા પહેલા માતા પૂછતાં: "વીન્યા, તુલસીને પાણી પાયું?" તુલસીક્યારે પાણી પાયા પછી જ જમી શકાય તેવા સંસ્કાર આપવામાં માતાના વિચારોની વિશાળતાનો ખ્યાલ આવે છે. સર્વત્ર હરિદર્શનની માતાની શીખ હતી. માતા કહેતા એમ વિચારીએ તો જ ગુણગ્રાહિતાનો ભાવ મનમાં પેદા થાય. માતાની લાગણીને માન આપી ભગવદ ગીતાનો મરાઠીમાં સુંદર અનુવાદ કર્યો. ગીતાઈ (ગીતા આઈ) તેવું અર્થસભર નામ પણ તે પુસ્તકને આપ્યું. બાપુ પ્રત્યેની તેમની ભક્તિ વિનોબાના તમામ જીવનકાર્યોમાં જોવા મળે છે. આપણાં દેશમાં વિનોબાજીની સ્મૃતિ કાયમ રહે તો સમાજ જીવનને એક સ્વસ્થતા મેળવ્યાનો અનુભવ થયા સિવાય નહિ રહે. મહાત્મા ગાંધી તથા તેમના વિચારો બાબાના જીવનમાં કેન્દ્રસ્થાને હતા.

# 'હિન્દુસ્તાન હંમેશાં ઉગતા સૂરજની જેમ ચમકતું રહેશે...' એ વાતની પ્રતિતી કરાવતી નવલકથા, 'અતીતવન'....




ભારતવર્ષમાં કેવા કેવા શાસકો આવી ગયા એ યાદી રસપ્રદ છે..આપણા ઈતિહાસને ધરબી દેવાની જાણે એક સાજિશ ચાલતી રહી છે..આવું કેમ ? એવો પ્રશ્ન થાય તો એક આખી ગાથા સામે આવી જાય..ચંદ્રકાંત બક્ષી જેવા સમર્થ લેખક અનુ ઈતિહાસના અઠંગ અભ્યાસી જયારે આ વિષયનું આલેખન કરે ત્યારે એની ભવ્યતા આકાશને આંબી જતી હોય છે...ભારતીય ઈતિહાસનાં ભવ્ય પ્રકરણો આલેખતી નવલકથા "અતીતવન " એ માટે વાંચવી જરૂરી બની જાય છે..

"લોકોને ઈતિહાસથી દૂર રાખો તો એમને નિયંત્રણમાં રાખવાનું કામ સહેલું બની જાય" આવું વિધાન કાર્લ માર્કસનું છે..ભારતમાં બ્રિટીશ કેળવણી દાખલ કરનાર લોર્ડ મેકોલે પણ આવું જ દ્રઢપણે માનતો હતો અને એટલે જ એણે શિક્ષણમાં આપણા વૈભવશાળી વારસાને બદલે પશ્ચિમી બાબતોને જ પ્રાધાન્ય આપ્યું..કોઈ મહાન પ્રજાને એના ભવ્ય ઈતિહાસ કે પરાક્રમી વડવાઓની વાતો ભૂલાવી દો એટલે એ આસાનીથી ગુલામ બની રહે...

ચંદ્રકાંત બક્ષી સિધ્ધહસ્ત લેખક છે..ભારતના ભવ્ય અને ગૌરવશાળી ઈતિહાસની એક જબરજસ્ત ઝલક જો તમારે જોવી હોય તો એમની આ નવલકથા વાંચવી પડે..ઐતિહાસિક ઘટનાઓ...પ્રસંગો..અનુ તે સમયની બહાદુરી..અંતરંગ બનાવો, સાથે જ વિતેલા ભારતની ભવ્ય વિરાસત ઈતિહાસનો બોધ..,આ બધું જ આ કથામાં બહુ રસપ્રદ રીતે આલેખાયું છે..બક્ષી એટલે ગુજરાતી સાહિત્યનું અણમોલ રત્ન..આ નવલકથાની શૈલી પાત્રો શબ્દવૈવિધ્ય અને નાટયાત્મકતાથી ભરપુર વર્ણનો લાજવાબ છે..

કથાનો નાયક ધૈવત શાહ એક પ્રોફેસર છે.જે લંડનના બ્રિટીશ મ્યુઝિયમમાં ગુપ્ત યુગની એક દુર્લભ મૂર્તિને ચોરવાના આરોપમાં પકડાય છે..ભરી કોર્ટ માં એ ગોરા જજને કહે છે "ચોર તો તમે લોકો છો...સમુદ્રગુપ્ત અને તમારે શું. એ મારો પૂર્વજ છે.."એની આ ખુમારી સ્પર્શી જાય છે. આવી ભાવનાસભર વાત સાથે કથા એક મોડ પકડે છે..ધૈવત શાહને ૨૫ દિવસની જેલની સજા થાય છે..અને જેલમાં એની સામે દરરોજ રાત્રે વિરાગ નામનું એક પાત્ર જે ભારતીય વિધ્યાપુરૂષ છે એ પ્રગટ થાય છે.અને દરરોજ ભારતીય ઈતિહાસની એક ગાથા રજુ કરે છે..વિરાગ વાલ્મિકીને મળે છે..કદંબને મળે છે...બુધ્ધની સાથે સારથી બની સંવાદ કરે છે..ઔરંગઝેબ સાથે વાત કરે છે..શિવાજી સાથે સાહસ કરે છે અને 'જય ભવાની' નો નાદ પણ કરે છે...પાત્રો એક પછી એક રોજ રાત્રે જીવંત બની ભવ્ય ભારતના કોઈ ને કોઈ પ્રકરણને ખોલે છે...જે તે સમયની જાણકારી અને વિગતો રસપ્રચુર રીતે વાચકો સમક્ષ આવતી જાય છે..લેખકની કથનશૈલી કાબિલેદાદ છે.

ચંદ્રકાંત બક્ષી એક કુશળ લેખક,પ્રવાસી,ઈતિહાસકાર, અને મૌલિક ભાષાના માહિર એમ બહુમુખી પ્રતિભા ધરાવતા સર્જક છે...એ પોતે અધ્યાપક પણ હતા..એમના કલાસમાં ઈતિહાસ ભણવો એ કોઈપણ વિદ્યાર્થી માટે એક લ્હાવો ગણાતો...એમના કલાસમાં ઈતિહાસ સિવાયના વિષયના સ્ટુડન્ટસ પણ આવીને બેસી જતા. બક્ષી ઈતિહાસને એના બોધ તેમજ પોતાની તેજાબી અભ્યાસપૂર્ણ શૈલીથી વર્ગખંડને સ્વર્ગ બનાવી દેતા..સહુ મંત્રમુગ્ધ બની જતા. "અતીતવન" માં લેખક તરીકે પણ એ રીતે જ એ ખીલ્યા છે..પુસ્તક હાથમાં લીધા પછી મુકવું મુશ્કેલ છે .કથા પુરી થતાં જ ભારતીય હોવાનો ગર્વ આપણા મનમાં છવાઈ જાય છે..

દસ્યુ સંસ્કૃતિ. લોથ(મડદું)ઉપરથી લોથલ...શુર્પણખાનો પ્રસંગ એના સર્જકોની આંખે..બલ્લવ બનતો ભીમ..બૃહનન્લા એટલે અર્જુન અને સૈરન્ધ્રી બનતી દ્રોપદીની વ્યથાકથા..સિધ્ધાર્થ ગૌતમનું ઓગણત્રીસમા વરસે થતું મહાભિનિષ્ક્રમણ..વાચક કાલખંડના જુદા જુદા પડાવો ઉપર તરબતર થતો જાય છે..વિરાગ જીવંત બની દરેક વખતે પ્રગટ થતો રહે છે. લેખકની તરકીબ ગજબ છે.વિરાગ સિકંદર સાથે વાત કરે છે. કૌટિલ્ય ચાણક્યને જોઈ અભિભૂત થતાં કહે છે..'માન સિવાય કોઈ જ પ્રતિક્રિયા કે પ્રતિભાવ ન થઈ શકે એવું એમનું વ્યક્તિત્વ હતું " દરેક યુગ માટેની અનોખી શબ્દાવલીઓ જોઈ દિંગ થઈ જવાય છે..શબ્દવૈભવમાં બક્ષીની તોલે આવે એવા લેખકની પ્રતીક્ષા છે..એમની સ્મૃતિ અનાઘ્રાત છે...

અહીં દેવાનામ્ પ્રિય અશોક છે..સિંહ વિક્રમ છે..ચંદ્રગુપ્ત મૌર્ય છે..ધન્વંતરી, વરરુચિ ,ભૌતિકશાસ્ત્રી બ્રહમગુપ્ત, ગણિતજ્ઞ આર્યભટ્ટ, ખગોળશાસ્ત્રીવરાહમિહિર....ઓહોહોહો શું પ્રતિભાઓ હતી..! કવિ કાલિદાસ ,વૈતાલ ભટ્ટ.. હિંદુસ્તાની તરીકે છાતી ફાટફાટ થતી જાય છે..મોહમદ ઘોરી, ગઝનવી, તૈમૂર કે તુઘલખ અને ખીલજી જેવા આક્રમકોની પણ વાતો છે.. અમીર ખુશરો છે..વાસ્કોડી ગામા છે..પાણીપતનું યુધ્ધ છે, અને ૧૮૫૭ના વિપ્લવ સુધી આવતાં પચ્ચીસ રાતો પુરી થાય છે..પ્રોફેસર ધૈવત શાહની સજા વાચક માટે મજા મજા બની જાય છે..કથાનો નાયક દર્દભરી રીતે કહે છે " ભારતના ઈતિહાસમાં મને કોઈ વસ્તુ જો સૌથી વધુ ચુભતી હોય ,કુરેદતી હોય,દુઃખ આપતી હોય તો એ દેશદ્રોહીઓ છે.." કદાચ આ જ આપણો ઈતિહાસબોધ છે..ચંદ્રકાંત બક્ષી જેવા લેખક સદીઓમાં થતા હોય છે.."અતીતવન "માં સફર કર્યા પછી એ માન્યતા વધારે દ્રઢ બની જાય છે..કેટલીક વાતો યાદ રહી જાય એવી છે..લેખકની શૈલી જુઓ..

"હિન્દુસ્તાન હજારો વર્ષોથી જીવે છે. અહીં દુઃશાસકો આવી ગયા અને સુશાસકો આવી ગયા. પર્શીઅનોનો દરિયાવુશ આવ્યો અને યુનાનનો ઈસ્કન્દર આવ્યો. કુશાનોનો કેડફીસીસ આવ્યો અને બેક્ટ્રીઅનોનો મિનેન્દર આવ્યો. શકોનો નહપાણ આવ્યો, હૂણોના તોરમાણ અને મિહિરગુલ આવ્યા. અરબોનો ઈબ્ન કાસિમ આવ્યો અને ગઝનવીઓનો મુહમ્મદ આવ્યો. ગુલામ અને ખલજી અને તુઘલિક આવ્યા. તુર્ક-તાતાર-મંગોલ આવ્યા. અને હજી કેટલાય આવશે. કોને ખબર? પેઢીઓની પેઢીઓઆ હિન્દુસ્તાનની ધરતી નીચે દફન થઈને સૂઈ ગઈ છે અને એમની ઉપર દર વર્ષે ઘઉં અને બાજરાનાં ખેતરો લહેરાય છે. પાગલો આવશે અને જશે અને હિન્દુસ્તાન ઊગતા સૂરજની જેમ ચમકતું રહેશે.."

"પૃથ્વીના પટ પરથી કેટલા બધા દેશોના ઈતિહાસોને પૂર્ણવિરામો મુકાઈ ગયા છે. બેક્ટ્રીઆ અને પાર્થીઆ, કાર્થેજ, ફીનીશીઆ અને આસીરીઆ, બાબિલોનીઆ, રૂમ અને શામ, સુમેરિયા, યુનાન, મિસ્ર, સ્કીથીઆ...પણ ભારત જીવે છે, જીવશે.!

મમ અને ચોમાસાના વરસાદની જેમ ભારતના ઈતિહાસ પર વિદેશીઓ વરસતા રહ્યા છે.પર્શ્યનોના સાયરસ અને દેરિયસ, આસીરીઅનોની સેમિરામીસ, સીરીઅનોનો એન્ટીઓક્સ, યુનાનીઓના ઈસ્કંદર અને સેલ્યૂકોસ.કુશાનોનો કેડેફીસીસ અને બેક્ટ્રીઅનોના ડીમીટ્રીઓસ અને મિનેન્દર-શકોનો નહપાણ, હૂણોના તોરમાણ અને મિહિર ગુલ.

શ્રીલંકાનો પરાક્રમ બાહુ અને તિબ્બતનો સ્ત્રોંગ-સાન-ગામ્પો.અરબોનો ઈબ્ન-કાસ્મિ, ગઝનવીઓનો મુહમ્મદ, મામલુક ઐબક, ખલજી અલાઉદ્દીન, તુઘલિક મુહમ્મદ.સમરકંદનો તૈમુર, ફરઘાનાનો બાબર,તુર્ક-તાતાર-મંગોલ.;ફિરંગીઓનો ડા'ગામા અને આલ્બુકર્ક, ફ્રેંચ દુપ્લે, અંગ્રેજ ક્લાઈવ-ઈરાનીઓનો નાદિર કુલી અને અફઘાનોનો અબ્દાલી-અને પાકિસ્તાનીઓના અય્યુબ અને યાહ્યા. બધા આવીને ફૂંકાઈ ગયા છે..." ગજબ યાદી છે...!

"આ ધરતીની નીચે દટાયેલી વિદેશી સૈનિકોની પેઢીઓ પર દર શિયાળે ઘઉંની ફસલો લહેરાય છે, મેઘદૂતવાળો વરસાદ દર ચોમાસે બરાબર પડે છે, બેલાનાં ફૂલો દર ઉનાળાની રાતે બરાબર ફાટે છે, હજારો વર્ષોથી ગંગા અગણિત હિન્દુ પેઢીઓની અસ્થિઓ વહાવીને લઈ ગઈ છે અને હજારો વર્ષોથી આ હિન્દુસ્તાનની ધરતી પર હિન્દુનો પુનર્જન્મ થતો રહ્યો છે.."

"આ ધરતી વિશ્વ માટે સ્વપ્નભૂમિ હતી. આ ધરતી સુખ અને ઐશ્વર્યની, સોનાની અને રત્નોની હતી. દૂર દૂરથી આક્રમકો, વેપારીઓ, સૈનિકો, વિદ્વાનો, પ્રવાસીઓ આ ધરતીની શોધમાં પ્રત્યેક સદીએ આવતા રહ્યા છે. જુદા જુદા ધર્મના, જુદી જુદી પ્રકૃતિના માણસો આ ધરતી પર આવીને કૃતાર્થ થયા છે. શાંતિ અને યુદ્ધનું ચક્ર આ ભૂમિ પર ઋતુઓના પરિવર્તનની જેમ

અનુસંધાન પાના નં. ૭ પર